# નિપુણ ભારત મિશન
## અંતર્ગત
# બેઝલાઇન સર્વે 2023

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**

**ગાંધીનગર**

# બેઝલાઈન શા માટે?

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં સંદર્ભે વર્ષ 2026 સુધી ધોરણ 3 ભણતા તમામ બાળકો પાયાની સાક્ષરતા અને ગણનના નિર્ધારિત કરેલ કૌશલ્યો અને લક્ષ્યાંકો સુધી પહોંચે તે માટે સમગ્ર રાષ્ટ્ર તેમજ રાજ્યમાં નિપુણ ભારત મિશન શરૂ કરવામાં આવેલ છે.
- આ મિશન દ્વારા બાળકોમાં તેમની ઉંમર અનુસાર તૈયાર કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ કરવા માટેનું લક્ષ્ય છે.
- આ લક્ષ્ય રાજ્યના બાળકો દ્વારા પણ સિદ્ધ થાય તેની તૈયારી સંદર્ભે હાલમાં 5 વર્ષથી 8 વર્ષના બાળકોની અધ્યયન સિદ્ધિ જાણવાની આવશ્યકતા જણાઇ છે.
- આ અનુસંધાને, 5 વર્ષથી 8 વર્ષની ઉંમર ધરાવતા બાળકો એટલે કે બાલવાટિકાથી ધોરણ 3માં ભણતાં બાળકોની પાયાની સાક્ષરતા અને ગણનમાં અધ્યયન સિદ્ધિ/સ્થિતિ જાણવા માટે બેઝલાઇન સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર છે.

# બેઝલાઈન કોના માટે?

- રાજ્યની તમામ પ્રાથમિક સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ ખાનગી શાળાઓ તેમજ તમામ માધ્યમની શાળાઓના ધોરણ 1 થી 4 માં અભ્યાસ કરતા બાળકોનો બેઝલાઇન સર્વેક્ષણમાં સમાવેશ કરવામાં આવશે.
- આ વર્ષે, ધોરણ 1 પૂર્ણ કરીને જે વિદ્યાર્થી ધોરણ 2માં પ્રવેશ મેળવે તે વિદ્યાર્થીનું ધોરણ 1ની અધ્યયન નિષ્પત્તિ આધારિત મૂલ્યાંકન કરવાનું છે.
- તે જ રીતે જે વિદ્યાર્થી ધોરણ 1 માં પ્રવેશ મેળવે તે વિદ્યાર્થીનું બાલવાટિકા અંતિત અધ્યયન નિષ્પત્તિઓ આધારિત મૂલ્યાંકન કરવાનું રહે છે.
- આ પ્રમાણે, ક્રમશઃ ધોરણ 3 અને 4 માટે કાર્ય કરવાનું રહેશે.

# બેઝલાઈન કેવી રીતે? (ઉપકરણ)

- બાળકોનું મૂલ્યાંકન પાયાગત વાચન અને સંખ્યાજ્ઞાન ચકાસવા માટે કરવામાં આવશે જે નિપુણ ભારતના વિકાસાત્મક ધ્યેયો- **EC- બાળક અસરકારક પ્રત્યાયનકાર બને** અને **IL- બાળક સક્રિય અધ્યેતા બને અને આસપાસના પર્યાવરણ સાથે જોડાય-** એ બંને વિકાસાત્મક ધ્યેયોના LO પર આધારિત છે.

# બેઝલાઈન કેવી રીતે? (ઉપકરણ)

- ભાષાના ઉપકરણમાં મૌખિક તેમજ લેખિત સ્વરૂપે ભાષાના કૌશલ્યો જ્યારે ગણન કે સંખ્યાજ્ઞાન સંદર્ભે સંખ્યા ઓળખ, ગણતરી અને ગાણિતીક ક્રિયાઓનો સમાવેશ કરેલ છે.
- બેઝલાઇન ઉપકરણમાં વ્યક્તિગત અને સામૂહિક રીતે મૂલ્યાંકન થઇ શકે તે પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરેલ.
- વ્યક્તિગત પ્રશ્નો સંદર્ભે પ્રત્યેક બાળકને અલગથી બોલાવી મૂલ્યાંકન કરવાનું રહેશે.
- સામૂહિક પ્રશ્નો સંદર્ભે એકસાથે તમામ બાળકોનું મૂલ્યાંકન કરી શકાશે.

# બેઝલાઈન અમલીકરણ - જિલ્લાકક્ષાએ

- ડાયટ વ્યાખ્યાતા પોતાના લાયઝને તાલુકામાં તાલુકા કક્ષાએ બી.આર.સી.કો, તેમજ સી.આર.સી.કો., મુખ્ય શિક્ષકને આ બેઝલાઇન સર્વે તેમજ તેની પ્રક્રિયાથી માહિતગાર કરવાના રહેશે.
- જિલ્લા કક્ષાએથી ઉપકરણ શાળાઓને ઉપલબ્ધ કરાવવાનું રહેશે.
- તમામ માધ્યમના ઉપકરણ શાળાઓને ડાયટ દ્વારા આપવામાં આવશે.
- આ ઉપકરણ શાળા કક્ષાએથી પ્રિન્ટ કરાવવાનું રહેશે.

# બેઝલાઈન અમલીકરણ – શાળા કક્ષાએ

- જે વર્ગમાં **5 બાળકો હોય તેના વિષયશિક્ષકે** એક દિવસમાં આ સર્વે પૂર્ણ કરી બીજા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **10 બાળકો હોય તેના વિષયશિક્ષકે** બે દિવસમાં આ સર્વે પૂર્ણ કરી ત્રીજા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **15 બાળકો હોય તેના વિષયશિક્ષકે** ત્રણ દિવસમાં આ સર્વે પૂર્ણ કરી ચોથા દિવસે તેની ડેટા-એન્ટ્રી કરવાની રહેશે.
- જે વર્ગમાં **15થી વધુ બાળકો હોય તેના વિષયશિક્ષકે** રોજના સરેરાશ 5 બાળકોની ડેટા એન્ટ્રી મુજબ દિન-10માં આ ડેટા એન્ટ્રી પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

# બેઝલાઈન અમલીકરણ – શાળા કક્ષાએ

- આ સર્વે તા. **15 જુલાઇ, 2023થી તા. 25 જુલાઇ, 2023** સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે
- સર્વેની ડેટા એન્ટ્રી **તા. 30 જુલાઇ, 2023** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- ડેટા એન્ટ્રી કરવા માટેની પ્રક્રિયાની સૂચના **વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા** આપવામાં આવશે.
- સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈને આ સર્વે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવો

# બેઝલાઇન અમલીકરણ – મહત્ત્વ

- પ્રારંભિક વાચન અને ગણન સંદર્ભે બાળકની વાસ્તવિક અધ્યયન સિધ્ધિ જાણવી.
- ધોરણ તેમજ ઉંમર અન્વયે અધ્યયન નિષ્પત્તિઓની સ્થિતિ જાણવી.
- બાળકો દ્વારા કરવામાં આવતી ભૂલોને શોધી તેના આધારે ઉપચારાત્મક કાર્યનું આયોજન કરવું.

# બેઝલાઈન બાદ ઉપચારાત્મક કાર્ય

- આ સર્વેમાં નબળી શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ધરાવનાર બાળકોને સમયદાન આપી યોગ્ય શૈક્ષણિક ઉપચારાત્મક કાર્ય કરાવવાનું રહેશે.
- ઉપચારાત્મક કાર્ય બાદ આ બાળકોની શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ચકાસવા માટે ટૂંક સમયમાં અન્ય શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવશે.

# આભાર